**પ્રસ્તાવના :-**

ગુજરાત સાહિત્ય અકાદમીની સ્થાપના શિક્ષણ વિભાગના તા. ૨૪-૯-૮૧ના ઠરાવથી કરવામાં આવી, અને ૪-૫-૮૨ ના ઠરાવથી કાર્યરત થઈ. ડિસેમ્બર ૧૯૮૨ થી સિંધી-ઉર્દૂ અને અન્ય અર્વાચીન ભારતીય ભાષાની કામગીરી હાથ ધરવામાં આવી.

શિક્ષણ વિભાગના તા. ૩-૪-૯૩ ના ઠરાવથી ગુજરાત સાહિત્ય અકાદમીની સોસાયટી રજિસ્ટ્રેશન એકટ-૧૮૬૦ અને બોમ્બે સાર્વજનિક એકટ સને ૧૯૯૫ અન્વયે ગુજરાત સાહિત્ય અકાદમીના બંધારણને મંજૂર કરી સ્વાયત્તા આપવામાં આવી. આ અકાદમીના નેજા હેઠળ રાજય સરકાર ધ્વારા હિન્દી સાહિત્ય અકાદમી, સંસ્કૃત સાહિત્ય અકાદમી, ઉર્દૂ સાહિત્ય અકાદમી, સિંધીં સાહિત્ય અકાદમી અને કચ્છી સાહિત્ય અકાદમીની રચના કરવામાં આવી. અકાદમીઓનો ઉદ્દેશ તેના બંધારણ અનુસાર સંબંધિત ભાષા સાહિત્યના ઉત્કર્ષ વિકાસની કામગીરી કરવાનો છે. જેમાં સંબંધિત ભાષાની વિવિધ સંસ્થાઓ અને લેખકોને આર્થિક સહાય રૂપે ઉત્તેજન આપવાનો, દેશની અન્ય અકાદમીઓ સાથે સાહિત્ય સંબંધિ વિચારો અને કૌશલ્યના આદાન-પ્રદાનને ઉત્તેજન આપવાનો, સાહિત્ય ક્ષેત્રે અભ્યાસ સંશોધનને ઉત્તેજન આપવાનો, સાહિત્યના પુસ્તકો પ્રાપ્ત, સંગ્રહિત અને પ્રકાશિત કરવાનો, ગ્રંથાલય સ્થાપી તેને નિભાવવાનો રાજયની ભાષા સાહિત્યની ગુણવત્તા ધરાવતી સંસ્થાઓને સહાય કરવાનો, સાહિત્યના વિવિધ પ્રકાર અને સ્વરૂપના પુસ્તકોને પુરસ્કૃત કરવાનો , સાહિત્ય ક્ષેત્રમાં વિશિષ્ટ સિદ્ધિ વાળા શ્રેષ્ઠ/લેખક/સાહિત્યકારને ગૌરવ પુરસ્કાર અર્પણ કરવાનો,યુવા સાહિત્યકારને યુવા ગૌરવ પુરસ્કાર અપ્ર્ણ કરવાનો, સાહિત્ય ક્ષેત્રે ગુણવત્તા લક્ષી સેવા બજાવી હોય એવા ગુજરાતમાં વસતા વયોવૃદ્ધ અને મદદપાત્ર લેખકો/સાહિત્યકારોને માસિક યોગ્ય નાણાંકીય સહાય કરવાનો મુખ્ય ઉદ્દેશ છે.

અકાદમી ધ્વારા સંસ્કૃતિના ચેતના સ્ત્રોતને વેગ મળે તેવા સંશોધન પ્રકાશન અને અન્ય સહાયક કાર્યો હાથ ધરવામાં આવે છે. ગુજરાત સાહિત્ય અકાદમીની સામાન્ય સભામાં કુલ ૪૧ અને અન્ય અકાદમીઓમાં કુલ ૩૩ સભ્યોની નિમણૂંક બંધારણ અનુસાર કરવામાં આવે છે. હાલ ગુજરાત સાહિત્ય અકાદમી તથા અન્ય અકાદમીઓ, રાજય સરકારના ર.ગ.યુ.સે.અને સાં.પ્ર.વિભાગ, હેઠળ કાર્યરત છે.